# માનસિક દિવ્યાંગો માટે રાષ્ટ્રકક્ષાના પ્રથમ 'ખેલો ઈન્ડિયા' રમતોત્સવનો રંગારંગ પ્રારંભ




## ડાયરેક્ટ ❤ સે

શિસ્ત અને તાલીમની જેમ સંવેદનશીલતા પણ પ્રૅક્ટિસ માગી લેતો વિષય છે

- કુંતલ નિમાવત

## જન્મદિને વધામણી



સેજલબેન શાહ
લાયોનેસ ક્લબ

## અમદાવાદમાં વ્યસનમુક્તિ માટે કૉમિક બૂકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૭

આજે યુવાનો વિવિધ પ્રકારની તમાકુની લત અને આદતોના શિકાર થઈ રહ્યા છે, ત્યારે ગુજરાત યુનિવર્સિટીના બાયોકેમિસ્ટ્રી અને ફોરેન્સિક સાયન્સ વિભાગ ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો જેમાં 'સેવ ધ યુથ - વીન ઓવર ટોબેકો' કેમ્પેઈન અંતર્ગત કોમિક બુક 'બી સ્માર્ટ ડુ નોટ સ્ટાર્ટ' લોંચ કરવામાં આવી હતી. આ પ્રસંગે જાણીતા કેન્સર સર્જન ડો. પવન ગુપ્તા ખાસ હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ૧૦૦ જેટલા એમએસસીના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. ડૉ. પવન ગુપ્તાએ તમાકુની અસરો અને તેમાં રહેલાં રસાયણો વિશે વિગતે વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી. .

તેમણે જણાવ્યું કે, યુવા વયે જ્યારે એક છોકરો કે છોકરી કોઈ પણ પ્રકારના વ્યસનનો શિકાર બને છે, ત્યારે તેમના શરીરના અવયવો નાજૂક હોવાથી તેના પર સૌથી વધુ ખરાબ અસર પડે છે. જે પોતાની જાત માટે નુકસાનકારક છે એવા પદાર્થો માટેની જાહેરાતો કે મિત્રોના પ્રલોભનોથી દોરાઈ ન જવું જોઈએ. તેમણે જણાવ્યું કે, જો યોગ્ય કાઉન્સેલિંગ કરવામાં આવે તો તમાકુની લત ચોક્કસ છોડી શકાય છે.

યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. હિમાંશુ પંડ્યાએ વિદ્યાર્થીઓને પોતાની પસંદ અને નિર્ણયો અંગે ગંભીર થવા સલાહ આપી હતી. આ પ્રસંગે લાઈફ સાયન્સ વિભાગના પ્રો. રાકેશ રાવલ દ્વારા વર્કશોપ યોજવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દરેક શાળા કોલેજોમાં આ પ્રકારની વર્કશોપ યોજાવી જોઈએ. આ પ્રસંગે લોંચ થયેલી કોમિક બુક આઈકેનકેરની વેબસાઈટ પરથી ઓનલાઈન પણ મેળવી શકાશે.

## સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા ૧૩મીએ સંસ્કૃતોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૭

સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા આગામી તા. ૧૩મી જુલાઈના રોજ અમદાવાદ ખાતે 'સંસ્કૃતોત્સવ ૨૦૧૮' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત યુનિવર્સિટી સૅનેટ હૉલ ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં રાજ્યપાલ ઓ પી કોહલી, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સહકાર અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપશે.

આ સમારોહ અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ના સંસ્કૃત ભાષાના વેદ પંડિતોનું સન્માન, સંસ્કૃત સાહિત્ય ગૌરવ પુરસ્કાર, સંસ્કૃત યુવા ગૌરવ પુરસ્કાર અને સંસ્કૃત કુટુંબોને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાશે. આ કાર્યક્રમમાં સાહિત્યકારો તથા સંસ્કૃત પ્રેમીઓને ઉપસ્થિત રહેવા અકાદમી દ્વારા નિમંત્રણ પાઠવાયું છે.

## સંસ્કાર ગૃપ દ્વારા આજે બાળકો માટે રમતો અને પર્યાવરણ જાગૃતિનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૭

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા રવિવારે વિવિધ રમતો અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્કાર ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે ગૃપની દર રવિવારની નિયમિત પ્રવૃત્તિઓ અંતર્ગત તા. ૮ જુલાઈ ને રવિવારના રોજ જાહેર ઉદ્યાન, સૅક્ટર-૭ ખાતે સાંજે ૬.૨૦થી ૭.૨૦ દરમિયાન ચૅસ, સાપસીડી અને લુડો જેવી રમતો ઉપરાંત પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકોને વૃક્ષારોપણ અને વૃક્ષોની માવજત અંગે પણ વિગતે સમજ આપવામાં આવશે.

સંસ્થાના સભ્ય બાળકો ઉપરાંત નગરનાં રસ ધરાવતાં સૌ બાળકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે ઈજન પાઠવ્યું છે.

### ગુજરાતનાં મહિલા શિક્ષકો માટે સરકારનું ફરમાન

## સરકારી સ્કૂલોમાં મહિલાઓ સાડી ઉપરાંત પંજાબી ડ્રેસ પહેરી શકશે

ગાંધીનગર, તા.૬

મહિલા શિક્ષકોએ કેવા કપડાં પહેરવા તેનો નિર્ણય અલગ અલગ શૈક્ષણિક સંસ્થાઓ કરતી હોય છે પરંતુ સરકારે જાહેર કર્યું છે કે સરકારી સ્કૂલોમાં મહિલાઓ સાડી ઉપરાંત પંજાબી ડ્રેસ પહેરી શકશે. રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં એવી કેટલીક ખાનગી સ્કૂલો છે કે જ્યાં મહિલા શિક્ષકો સાડી, પંજાબી ઉપરાંત જીન્સ-ટીશર્ટમાં બાળકોને ભણાવવા આવતી હોય છે પરંતુ સરકારના આદેશ પછી ટૂંકા વસ્ત્રો નહીં પહેરવાની સૂચના આપવામાં આવેલી છે. સરકારી સ્કૂલોમાં મહિલા શિક્ષકો માટે સાડી ફરજિયાત છે. બાળકોને ભણાવતી વખતે સ્કૂલમાં સાડી પહેરવાનો રિવાજ છે પરંતુ હવે સરકારે નિર્ણય કર્યો છે કે સાડી ઉપરાંત મહિલાઓ પંજાબી ડ્રેસ પહેરી શકશે. અધિકારીઓ તેમજ પદાધિકારીઓ તરફથી થતી હેરાનગતિ બંધ કરવાની પણ સરકારે સૂચના આપી છે. બાળકોને ભણાવતી વખતે શિક્ષકની વર્તણૂક તેમજ તેમનો પહેરવેશ મહત્ત્વનો સાબિત થતો હોય છે. બાળકો તેમની સ્કૂલમાં શિક્ષકને માનથી જોતા હોય છે. જો શિક્ષક સારા વસ્ત્રો પહેરીને આવે તો તેનું માન-પાન જળવાઈ રહે છે તેથી સરકારે મહિલાઓ માટે સાડી નિયત કરી હતી પરંતુ હવે તેમાં છૂટછાટ આપીને પંજાબી ડ્રેસ પણ પહેરી શકશે તેવો આદેશ કર્યો છે અને તેનું પાલન કરવાની સૂચના આપી છે.

### મૅડિકલ-ડૅન્ટલ પ્રવેશ પ્રક્રિયા

## સ્વનિર્ભર કૉલેજોમાં મૅરિટ ઊંચું ગયું

ગાંધીનગર, તા. ૭

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ આપેલી ચોઈસના આધારે મોક રાઉન્ડમાં પ્રવેશ ફાળવણી કર્યા બાદ આજે પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવણી કરી દેવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ હતી કે સરકારી મેડિકલ કોલેજોમા મોક રાઉન્ડમાં મેરિટ ઊંચુ ગયું હતું જે પ્રથમ ફાઈનલ રાઉન્ડમાં નીચું ગયું છે. જયારે સ્વનિર્ભર મેડિકલ કોલેજોનુ મેરિટ પણ પહેલા રાઉન્ડમાં ઊંચુ ગયું હતું. આમ, પહેલા વખત સરકારી કોલેજોનુ મેરિટ સામાન્ય નીચું અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોનુ મેરિટ ઊંચુ ગયું છે.

હાલમાં ચાલતી પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ મોકરાઉન્ડ માટે આપેલી ચોઈસના આધારે આજે કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. મોકરાઉન્ડમાં વિદ્યાર્થીઓએ જે ચોઈસ આપી હતી તેના કરતાં પહેલા રાઉન્ડમાં ચોઈસ ફિલિંગમાં ધરખમ ફેરફારો કર્યા હતા. જેના કારણે મેરિટમાં પણ ભારે ફેરફારો આવ્યા હતા. મોક રાઉન્ડમાં બી.જે.મેડિકલ કોલેજમાં ઓપન કેટેગરી ૧૫૫ મેરિટમાર્કસ સાથે ભરાઈ ગઈ હતી. જેની સામે પ્રથમ રાઉન્ડમાં ૧૫૮ મેરિટ માર્કસ સાથે ભરાઈ હતી. એટલે કે ત્રણ માર્કસ જેટલું મેરિટ નીચું ગયું હતું. આજ રીતે સરકારી મેડિકલ કોલેજોમાં મેરિટ બેથી લઈને પાંચ માર્કસ સુધી નીચું ગયું છે. જેની સામે સ્વનિર્ભર કોલેજમાં મેરિટ ઊંચુ ગયું છે. જેમ કે અદાણી મેડિકલની મેનેજમેન્ટ કવોટાની બેઠક ૩૪૩૩ મેરિટમાર્કસ સાથે ભરાઈ હતી. જેની સામે પ્રથમ રાઉન્ડમાં ૩૨૧૦ માર્કસ સાથે બંધ થઈ હતી. એટલે કે મેડિકલ ૨૨૩ માર્કસ જેટલું ઊંચુ ગયું હતું. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે વિદ્યાર્થીઓએ સરકારી અથવા સ્વનિર્ભર મેડિકલ કોલેજમાં દૂરના શહેરમાં પ્રવેશ મળતો હોય અને તેની સામે પોતાના શહેરની મેડિકલ કોલેજમા મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ મળતો હોય તો પહેલા મેનેજમેન્ટ કવોટામાં પોતાના શહેરમાં પ્રવેશ લેવાનું પસંદ કર્યું હોવાથી સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં મેરિટ ઊંચુ ગયું છે.

## ફોરેન્સિક યુનિ. કેસમાં સરકારે હાઈકૉર્ટમાં જવાબ રજૂ કર્યો

ગાંધીનગર, તા. ૭

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા જાતે જ કરવાની સામે હાઈકોર્ટ સમક્ષ જાહેરહિતની અરજી કરવામાં આવી છે. જેમાં યુનિવર્સિટી દ્વારા સરકારી ઠરાવ હાઈકોર્ટ સમક્ષ રજૂ કરીને પોતે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ(એસીપીસી)ના દાયરામાં નહીં આવતાં હોવાનું જણાવ્યું છે. જ્યારે કે આ કેસમાં હાઈકોર્ટે અરજદાર સંદીપ મુંજ્યાસરાને તેનો જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો છે. આ કેસની વધુ સુનાવણી ૧૦મી જુલાઈએ રાખવામાં આવી છે.

આ મામલે અરજદાર સંદીપ મુંજ્યાસરાએ પાર્ટી ઈન પર્સન તરીકે જાહેરહિતની અરજી કરીને યુનિવર્સિટીને એડમિશનલ કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ મારફતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા માટેનો આદેશ કરવાની માગ કરવામાં આવી છે. પિટિશનમાં અરજદાર દ્વારા એવા મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, 'ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માટેના પ્રોફેશનલ કોર્સિસ માટેની પ્રવેશ પ્રક્રિયા જાતે જ શરૂ કરવામાં આવી છે. કાયદા અને નિયમો મુજબ પ્રોફેશનલ કોર્સિસની પ્રવેશ પ્રક્રિયા એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ-એસીપીસી મારફતે થવી જોઈએ. તેથી આ મામલે સૌથી પહેલાં નવમી જાન્યુઆરીના રોજ યુનિવર્સિટી અને એસીપીસીને રજૂઆત કરાઈ હતી. જેમાં સેન્ટ્રલાઈઝ્ડ પદ્ધતિથી એડમિશનની માગ કરાઈ હતી.

## ઍસ વી પ્રિસ્કૂલ ખાતે ગ્રીન ડેની ઉજવણી



ઍસવી ઈંગ્લિશ મીડિયમ પ્રિસ્કૂલનાં બાળકોને ગ્રીન લરથી માહિતગાર કરવાના હેતુસર શનિવારે ગ્રીન ડેની ઉજવણી કરવામાં આવી હતી. વાલીઓએ બાળકોને ગ્રીન કલરનાં વસ્ત્રો પરિધાન કરાવી, સ્કૂલ બૅગ, વૉટર બૅગ પણ ગ્રીન કલરની મોકલાવી હતી. શિક્ષકોએ બાળકોને ગ્રીન કલરનાં વિવિધ શેડ અંગે જાણકારી આપી હતી. વર્ષાઋતુમાં ચારે તરફ છવાયેલી હરિયાળીને અનુલક્ષીને શિક્ષકોએ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજીને વૃક્ષોનું જતન કરવાના શપથ બાળકોને લેવડાવ્યા હતા. આ દિવસના ભાગરૂપ 'લિફ સ્ટીકિંગ' અને 'મૅજિક પેઈન્ટીંગ' જેવી પ્રવૃત્તિઓ પણ બાળકોને કરાવવામાં આવી હતી. શાળા પરિવાર પણ ગ્રીન વસ્ત્રો પરિધાન કરીને આવ્યો હતો.